સ્થળના 'અવાયેલા સૂક્ષ્મ બ્યોરા વિક્રમશીના વીરત્વને બિરદાવવામાં આવ્યું છે. આ બધાં કાવ્યોમાં છંદને બાનીમાં ચારણી છટા જોઈ શકાય છે. કવિએ કેસર-અવચલાંનાં છપ્પાનાં સર્પોનો ગુણાનુવાદ કરતાં તથા અંબામાતાની આરાધના વિશેનાં કાવ્યો રચ્યાં હોવાના ઉલ્લેખો મળે છે.

કવિની જ્ઞાનાત્મક કૃતિઓમાં શ્રેણિક અને અભયકુમારના બુદ્ધિ ચાતુર્યની કથા પ્રાસાદિક શૈલીએ કહેતી ને ક્વચિત વર્ણન, સુભાષિત વગેરેમાં કવિની શક્તિ પ્રગટ કરતી, મુખ્યત્વે વસ્તુ, દુહા અને ચોપાઈની ૩૬૯ કડીની 'શ્રેણિક-અભયકુમાર-ચરિત્ર/અભયકુમાર-શ્રેણિક-રાસ/પ્રબંધ/ચોપાઈ' (મુ.), ૨૮ ઢાળોમાં રચાયેલી ૧૯૬ કડીની 'જંબુસ્વામી પંચભવ ચરિત્ર/ચોપાઈ/પ્રબંધ' (ર. ઈ. ૧૪૬૬/સં. ૧૫૨૨, આસો સુદ ૧૫; મુ.), આશરે ૭૫૦ કડીની 'શ્રાવક-બારવ્રત/સમ્યકત્વબારવ્રત કુલક-ચોપાઈ' (ર. ઈ. ૧૪૭૮/સં. ૧૫૩૪, આસો સુદ ૧૫), આશરે ૧૮૦ કડીની 'અવન્તીસુકુમાલ-રાસ/સંધિ', ૨૭૭ કડીની 'રોહિણેય-પ્રબંધ', મનોભાવનિરૂપણ અને કૌતુક-ક્રિયાયોગમૂલક આપાપણીઓ; માત્ર ભેગની ૧૦૨ કડીની 'ચંદન બાલાચરિત્ર-ચોપાઈ/રાસ' (મુ.) અને 'જાવડભાવડ-ચોપાઈ' (ર. ઈ. ૧૪૬૬)નો સમાવેશ થાય છે. સંભવતઃ ૭ આદિત્યની 'પુણ્યપાપ ફલ તથા જીવદયા-ચોપાઈ' પણ રસાત્મક કૃતિ હોવાની શક્યતા છે.

૪૧ કડીની 'પાર્શ્વનાથજીરાઉલા-રાસ' અને ૧૮ કડીની 'શત્રુંજય-ચૈત્યપરિપાટી' (મુ.) એ તીર્થવર્ણનની કૃતિઓ, ૩૬ કડીની 'સ્થૂલિભદ્ર-ફાગ/કક્કાવાળાં', દીક્ષિત થયા પછી કેમને પુનર્જન્મ પામેલ પૂર્વ ભવની પત્ની સાથે લગ્ન કરવાં પડ્યાં ને આર્દ્રકુમારને ત્યાં પુત્રજન્મ થાય છે અને તે પુત્ર નિશાળે જાય છે ત્યાં સુધીનું વર્ણન કરતી ૨૭ કડીની 'આર્દ્રકુમાર-ભવ/વિવાહલો' (મુ.), 'આર્દ્રકુમાર સૂડ', ૧૯ કડીની 'થાવચ્ચાકુમાર-સઝાય/ગીત /રાસ'(મુ.), ૧૫ કડીની 'કલ્યાણક-વિવાહલો' (મુ.) તથા 'સ્નાત્ર-પૂજા' (મુ.) કવિની અન્ય ઉલ્લેખનીય કૃતિઓ છે. એ ઉપરાંત કવિએ ૧૨ કડીની 'નવકારમહામંત્ર-પ્રબંધ' (મુ.), ૧૦ કડીની 'સ્થૂલિભદ્ર-ધમાલ' વગેરે ધવલ, ભાસ, ગીત જેવા પ્રકારોનાં તીર્થ-તીર્થંકરાદિ-વિષયક તેમ ૪૪ ગીતાત્મક કૃતિઓ (કેટલીક મુ.) તથા હરિયાળીઓ રચેલી છે.

કવિની કૃતિઓની જોડણી ભાષાની સંગીતક્ષમતાનું સૂચન કરે છે.

કૃતિ : ૧ ઐતિહાસિકરાસ : ૨૩(૨)–૧ ગીત; ૨. નસ્વાધ્યાય : ૩; ૩. પ્રાચીનસંગ્રહ; ૪. વિવિધપૂજાસંગ્રહ; ૫. સજ્ઝાય સંગ્રહ : ૧, સં. સારાભાઈ નવાબ, સં. ૧૯૩૮; [ ] ૬. જૈનયુગ, પોષ ૧૯૮૩–'શત્રુંજયની એક ઐતિહાસિક ભીમા-વિક્રમશી ભાવસાર સુપીદે', સં. મોહનલાલ દ. દેશાઈ; ૭. જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૮૬, 'સમરસારિચનો કથનો', સં. મોહનલાલ દ. દેશાઈ (+સં.) ૮. સ્વાધ્યાય, ઑક્ટો. ૧૯૬૫ 'દેપાલકૃત જંબૂસ્વામિપંચભવચરિત્ર' સં. ઉમાકાન્ત પ્રે. શાહ, સોમાભાઈ પ્ર. પારેખ (+સં.); ૯. સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૭૩- 'કવિ દેપાલકૃત શ્રેણિક અભયકુમાર ચરિત', સં. ચાલચંદ્ર અ. ગાંધી; ૧૦. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૪- 'કવિ દેપાલકૃત ભીમશાહ રાસ', સં. અગરચંદ નાહટા, ભંવરલાલ નાહટા (+સં.); ૧૧. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૭-'કવિ દેપાલકૃત ચંદનબાળા ચઉપઈ', સં. ત્રિભોવન વોરા (+સં.).

સંદર્ભ : ૧. ઐજૈસંગ્રહ : ૧; ૨. ગુજકવિઓ; ૩. પ્રાકારૂપરંપરા; [ ] ૪. જૈનયુગ, વૈશાખ ૧૯૮૨-'શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધારક સમરસિંહ', લાલચંદ ભ. ગાંધી. [ ] ૫. જૈગૂકવિઓ : ૧, ૩(૧,૨); ૬. જૈમગૂકરચનાઓ : ૧; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજૈજ્ઞાસૂચિ : ૧. [શ્ર.ત્રિ.]

દેમલ [ ] : એમને નામે ૫૬ નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : ૧. ગૂહયાદી; ૨. ફાહનામાવલિ. [ચ.શે.]

દેવકલશ [ ] : જૈન શ્રાવક હોવા સંભવ. વદનક અને ચોપાઈનાં ૧૬ યુગ્મો સાથે આરંભ-અંતમાં ૨ ચોપાઈ મળીને કુલ ૩૪ કડીના અને અપભ્રંશપ્રધાન ગુજરાતી ભાષામાં રચાયેલા 'નન્નસુકુમાલ-રાસ' (લે. સં. ૧૪મી સદી અનુ.; મુ.)ના કર્તા. કૃતિ દેવેન્દ્રસૂરિના વચનથી રચાયેલી છે ને જગતચંદ્રસૂરિ શિષ્ય દેવેન્દ્રસૂરિ (અવ. ઈ. ૧૨૭૧) હોય તો કર્તા ઈ. ૧૩મી સદી ઉત્તરાર્ધમાં હયાત ગણાય.

કૃતિ : ૧. પ્રાગુકાસંચય; [ ] ૨. રાજસ્થાનભારતી, જુલાઈ ૧૯૫૧-'અયસુકુમાલ રાસ' સં. અગરચંદ નાહટા.

સંદર્ભ : પ્રગુસાહિત્ય. [કી.જો.]

દેવ : આ નામથી 'આદિમતની સઝાય', ૫ કડીની 'મહાવિદેહજિન-સ્તવન', ૭ કડીની 'રહનેમિરાજિમતી-ગીત' તથા '(સુપાર્શ્વમંડન) સુમતિજિન-સ્તવન' એ કૃતિઓ મળે છે કે ક્યા દેવ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. દેસુરાસમાળા; ૨. મુપુગૂહસૂચી; ૩. રાહસૂચી : ૧. [ર.ર.દ.]

દેવકમલ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. દયાકલશના શિષ્ય. ઉપાધ્યાય સાધુકીર્તિ (અવ. ઈ. ૧૫૮૦)ની પ્રશસ્તિ કરતી ૪ કડીની ગહૂંલી (લે. ઈ. ૧૫૬૯; મુ.)ના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ (+સં.). [કી. જો.]

દેવકુશલ [ઈ. ૧૫૫૩માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. વાચક દેવકુમારની પરંપરામાં ઉપાધ્યાય દેવકલ્લોલના શિષ્ય. ૩૦૧ કડીની 'ઋષિદત્તા-ચોપાઈ' (ર. ઈ. ૧૫૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઈ : ૨; ૨. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

'દેવકીજીના છ પુત્રોનો રાસ' : અજ્ઞાત જૈન કવિ દ્વારા રચિત ૧૯ ઢાળની દુહાદેશીબદ્ધ આ કૃતિ (લિ.ઈ.૧૮૨૩; મુ.) મુખ્યત્વે હેમચન્દ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર'ને આધારે દેવકીના ૬ પુત્રોનું જૈન પરંપરા અનુસારનું કથાનક વર્ણવે છે. આંગણે ભિક્ષા લેવા આવેલા સાધુઓ એમના સમાન રૂપને કારણે જાણે ફરીને આવ્યા હોય એવો ભાસ થતાં દેવકી પૂછે છે ત્યારે એ છએ ભાઈઓ હોવાનું જાણવા મળે છે. પોતાને આઠ પુત્રો થવાનું વરદાન હતું તે નિષ્ફળ ગયાની વેદના અનુભવતાં દેવકીને નેમિનાથ ભગવાન પાસેથી આ છએ પુત્રો પોતાના હોવાની

માહિતી મળે છે. સુલસાને ત્યાં એ ઊછર્યા ને એમને સ્થાને મુકાયેલાં સુલસાનાં મૃત બાળકોની કંસે પોતે હત્યા કરેલી હોવાનું માન્યું તેથી એ બચી ગયા. સાતમા પુત્ર તે કૃષ્ણ. આ પછી દેવકીને આઠમા પુત્ર ગજસુકુમાળ જન્મે છે પણ એ પણ અંતે દીક્ષા લઈ તપસ્વીનું જીવન ગાળે છે. આવિસ્તાર અંકાતી દેવકીના આર્દ્ર વાત્સલ્યભાવની રેખાઓ, નેમિનાથના દર્શને જતી દેવકીના રથનું છટાયુક્ત વર્ણન તથા વૈરાગ્યબોધક દૃષ્ટાંતોથી ને સુંદર ગાનછટાથી મનોરમ બનતો દેવકી-ગજસુકુમાળનો સંવાદ એ પરંપરાનિષ્ઠ આ કૃતિનાં ધ્યાન ખેંચતાં તત્ત્વો છે.

કૃતિ : ૧. * છ ભાઈનું રાસ, પ્ર. નાનાભાઈ ભીકમચંદ ખાનુ, ઈ. ૧૮૮૫; ૨. દેવકીજી છ ભાયાંનો રાસ, સં. વિપિનચંદ્ર જી. ઝવેરી, ઈ. ૧૯૫૮ (+સં.); ૩. દેવકીજીના ષટ્પુત્રનો રાસ, પ્ર. ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૨. [જ.કો.]

**દેવકીર્તિ** [ઈ. ૧૪૭૫માં હયાત] : જૈન સાધુ. 'ધન્નાશાલિભદ્ર-રાસ' (ર. ઈ. ૧૪૭૫) ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ : ૩. [કી.જો.]

**દેવકુશલ** : આ નામે ૫ કડીની 'ગુરુ-સઝાય', ૫ કડીની 'વિજયરત્નસૂરીશ્વર-સઝાય', ૭ કડીની 'નેમી-ગીત' (લે. સં. ૧૮મી સદી અનુ.) તથા ૪ કડીની 'પાર્શ્વનાથનો વિવાહલો' (મુ.) એ કૃતિઓ મળે છે તે કયા દેવકુશલ છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. 'ગુરુ-સઝાય' તથા 'વિજયરત્નસૂરીશ્વરસૂરિ-સઝાય' એક જ કૃતિ હોવા સંભવ છે.

દેવકુશલને નામે મળતા ૩૨૫૦/૧૨૯૦ ગ્રંથાગ્રના 'વંદારુવૃત્તિ/શ્રાવકાનુષ્ઠાનવિધિ/ષડાવશ્યકસૂત્ર-બાલાવબોધ' (ર. ઈ. ૧૭૦૦/સં. ૧૭૫૬, મહા સુદ ૧૦, રવિવાર), 'કલ્પસૂત્ર-બાલાવબોધ' (લે. ઈ. ૧૭૬૦) તથા ચારિત્રસુંદરરચિત મૂળ સંસ્કૃત ગ્રંથ 'આચારોપદેશ' પરના સ્તબક (લે. ઈ. ૧૭૧૨)ના કર્તા દેવકુશલ-૧ હોવાની શક્યતા છે.

કૃતિ : પાર્શ્વનાથજીનો વિવાહલો તથા દિવાળી કલ્પ સ્તવન, પ્ર. મોહનલાલ મ. ચાટુરવાળા, ઈ. ૧૮૯૯.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૨); ૨. ડિકૅટલૉગભાઈ : ૧૭(૩); ૩. મુપુગૂહસૂચી; ૪. લીંહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

**દેવકુશલ-૧** [ઈ. ૧૭૧૧માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. રવિકુશલના શિષ્ય. ધનેશ્વરસૂરિરચિત મૂળ સંસ્કૃત ગ્રંથ 'શત્રુંજય માહાત્મ્ય' પરના ૨૪,૦૦૦ ગ્રંથાગ્રના સ્તબક (ર. ઈ. ૧૭૧૧)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ☐ ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

**દેવકુશલ-૨** [ ] : જૈન સાધુ. દોલતકુશલના શિષ્ય. ૫ કડીની 'શાંતિનાથ-સ્તવન' (લે. સં. ૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

**દેવચંદ** : જુઓ દેવચંદ્ર.

**દેવચંદ્ર** : આ નામે ૧૭ કડીનું 'મહાવીરસ્વામીનું સ્તવન' (મુ.), ૫ કડીની 'હિતશિક્ષા' (મુ.), ૧૫ કડીનો 'નેમિજિન-બારમાસ' તથા અન્ય કેટલાંક સ્તવન, સઝાય, ગીત, ગહૂંલી (૧ મુ.) વગેરે પ્રકારની કૃતિઓ મળે છે તે કયા દેવચંદ્રની છે તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

અંચલગચ્છના કોઈ દેવચંદ્રની ૧૯ કડીની 'ચક્રેશ્વરીમાતાની આરતી' (મુ.) મળે છે તે દેવચંદ્ર ૪ છે કે કેમ તેનો નિર્ણય થઈ શકે તેમ નથી.

કૃતિ : ૧. જૈપ્રપુસ્તક : ૧; ૨. વિવિધ પુષ્પવાટિકા : ૨, સં. મુનિશ્રી પુનમચંદ્રજી, ઈ. ૧૯૮૨ (સાતમી આ.); ૩. શ્રી શત્રુંજય તીર્થાદિ સ્તવન સંગ્રહ, સંગ્રા. મુનિમહારાજશ્રી સાગરચંદ્રજી, ઈ. ૧૯૨૬; ૪. સસન્મિત્ર.

સંદર્ભ : ૧. લીંહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]

**દેવચંદ્ર ૧** [ઈ. ૧૬મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયદાનસૂરિની પરંપરામાં વિદ્યાસાગરના શિષ્ય. ૧૧ કડીની 'સુકોશલ મહાઋષિની સઝાય/ગીત' (ર. ઈ. ૧૫૪૬ કે ૧૫૭૬/સં. ૧૬૦૨ કે ૧૬૩૨ આસો-)ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ : ૩(૧); ૨. મુપુગૂહસૂચી. [ર.ર.દ.]

**દેવચંદ્ર(ગણિ)-૨** [ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ – અવ. ઈ. ૧૬૫૨/સં. ૧૭૦૮, વૈશાખ સુદ ૮] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિ-સકલચંદ્ર-ઉપાધ્યાયની પરંપરામાં ઉપાધ્યાય ભાનુચંદ્રના શિષ્ય. આહિમન-નગરમાં ઓસવાલ પરિવારમાં જન્મ. જન્મનામ ગોપાલ. પિતા ટીકો શાહ. માતા વરબાઈ. ૯ વર્ષની વયે પિતાનું અવસાન. વિજયસેનસૂરિના ઉપદેશથી વૈરાગ્ય અને પંડિત દેવચંદ્ર પાસે દીક્ષા. ઉપાધ્યાય ભાનુચંદ્ર પાસે અધ્યયન ને એમનું શિષ્યત્વ. ઈ. ૧૬૦૯માં પંડિતપદ. જીવનપર્યંત એકાશન જેવાં વ્રતનિયમો પાળનાર ને ગુજરાત-રાજસ્થાનમાં વ્યાપક વિહાર કરનાર આ કવિ સં. ૧૭૦૭માં સરોત્રામાં ચાતુર્માસ કર્યા પછી ત્રેપન વર્ષની વયે અનશનપૂર્વક અવસાન પામ્યા.

એમની ૭ ઢાળ અને ૧૧૮ કડીની 'શત્રુંજયતીર્થ પરિપાટી'(મુ.)માં સં. ૧૬૯૫ (ઈ. ૧૬૩૯)માં કરેલા ચાતુર્માસ કર્યા પછી કરેલી શત્રુંજયયાત્રાનું વર્ણન છે. એમાં કવિએ ભાવપૂર્વક ગાયેલ શત્રુંજયતીર્થનો મહિમા ધ્યાન ખેંચે છે. કવિની અન્ય કૃતિઓમાં ૧૭૪ કડીનો 'પૃથ્વીચંદ્રકુમાર-રાસ' (ર. ઈ. ૧૬૪૦/સં. ૧૬૯૬, શ્રાવણ સુદ ૧૧), ૨૦૮ કડીની 'નવતત્ત્વ-ચોપાઈ/રાસ' (* મુ.), ૮૯ કડીનું 'મહાવીરવાણીવિચાર સ્તવન', ૬૨ કડીનું '(પોસીનાપુરમંડન) પાર્શ્વનાથ સ્તવન', દિવાળીના દિવસોમાં મનાતા પર્વને વર્ણવતી ૨૫ કડીની 'દિવાળીની સઝાય' (મુ.) તથા અન્ય તીર્થ-તીર્થંકરાદિવિષયક સ્તવનો, સઝાયો વગેરેનો સમાવેશ થાય છે.

એમનાં સંસ્કૃતમાં 'શોભનસ્તુતિ' પર ટીકા તથા 'સૌભાગ્યપંચમી-સ્તુતિ' મળે છે. એમને નામે નોંધાયેલ 'જિનશતક' તથા 'વિચારષટ્ત્રિંશિકા' પણ સંસ્કૃત કૃતિઓ હોવાનું સંભવ છે.

કૃતિ : ૧. જૈસસંગ્રહ; ૨. પ્રાતીસંગ્રહ : ૧ (+સં.); ૩. સઝાયમાળા (પં.).

સંદર્ભ : ૧. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ; ૨, હીરાલાલ ર. કાપડિયા, ઈ. ૧૯૬૮; ☐ ૧. જૈન સત્યપ્રકાશ, જુલાઈ ૧૯૭૭–'કે ઐતિહાસિક સંશોધન સાર', અગરચંદ નાહટા; ☐ ૩. જૈગૂકવિઓ : ૧, ૩(૧); ૪. મુપુગૂહસૂચી; ૫. હેજૈજ્ઞાસૂચિ : ૧. [ર.ર.દ.]





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org